# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૭ તા.૧૯-૦૧-૨૦૨૩

ઝોનલ કચેરી ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ તમામ અને ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ ખાતેની મુખ્ય કચેરી તથા ઝોનલ કચેરીઓ ખાતે જુનિ. ક્લાર્કની કુલ ૨૦ જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવા માટે રૂબરૂમાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ અંગે એસ.એસ.સી. પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના વર્ગ -૪ ( પગી, પાણીપાનાર, પટાવાળા ) માં કાયમી નિમણૂંક ધરાવતા ઉમેદવારી કરવા ઈચ્છતા કર્મચારીઓએ નિયત ફોર્મેટમાં અરજી કરવાની રહેશે.

સૂચનાઓ :-

(૧) ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્યકચેરી ખાતેના એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાંથી અરજીપત્રક રૂબરૂમાં મેળવવાનું રહેશે.

(૨) અરજદારે અરજીપત્રક સાથે લાયકાતના ગુણપત્રક, શાળા છોડયાનું પ્રમાણપત્ર પ્રમાણિત કરેલ નકલ સામેલ કરવી. તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અરજી સાથે ચોંટાડવો.

(૩) આ પરિપત્ર પ્રસિધ્ધ થયા તારીખથી અગાઉની અથવા મુદત પછીથી આવેલ અરજીઓ રદ બાતલ ગણવામાં આવશે.

(૪) અરજીપત્ર તથા સાધનિક તમામ પુરાવાઓ સામેલ કરીને અત્રેની કચેરીના એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ ખાતે રૂબરૂમાં તા.૨૦-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩ ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં (જાહેર રજાઓ સિવાય) ઓફીસ સમય દરમિયાન જમા કરાવવાની રહેશે. વધુમાં રજી.એડી., કુરીયર અથવા સાદી ટપાલ મારફતે આવેલ અરજી તેમજ મોડી આવેલ અરજી કે અધુરી વિગતવાળી અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

નોંધ :- મુખ્ય શિક્ષક દ્વારા તેમની શાળાઓના પગી, પા.પા.માં ફરજ બજાવતા કર્મચારીઓને આ પરિપત્રની લેખિતમાં નોંધ લેવડાવવી અને સહી કરાવવી તથા ઝોનલ કચેરી તેમજ મુખ્ય કચેરીના હેડકલાર્ક દ્વારા પટાવાળામાં ફરજ બજાવતા કર્મચારીઓને લેખિતમાં નોંધ લેવડાવવી અને સહી કરાવવી

તા.૧૯-૦૧ -૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી